# હિંમતનગર ખાતેની મજુર અદાલતના પ્રમુખ અધિકારી શ્રી ડી.જે. ચૌહાણ સમક્ષ, મુ.હિંમતનગર

**રેફરન્સ (એલ.સી.એચ.) નં.૮૪ /૨૦૧૫**

**આંક :૧૦**

**પ્રથમ પક્ષકાર: ચેરમેન/ મેનેજરશ્રી,**
ધી સાબરકાંઠા જિલ્લા સહકારી ખરીદ વેચાણ સંઘ લિ,
સંઘ રોડ, હિંમતનગર
જી. સાબરકાંઠા

**વિરૂધ્ધ**

**બીજા પક્ષકાર :પટેલ જિજ્ઞેશકુમાર શામળભાઈ**
મું.પો. ચીંચણો તા. મોડાસા
જી. અરવલ્લી

**હાજર રહયા : પ્રથમ પક્ષકાર તરફે :** વિ.વ.શ્રી પી.એફ. ઝવેરી
**બીજા પક્ષકાર તરફે :** વિ.પ્ર.શ્રી કે.બી. રાવલ

## – : : એવોર્ડ : : –

(૧) સદરરેફરન્સ મદદનીશ શ્રમઆયુકતની કચેરી હિંમતનગરના હુકમ ક્રમાંક નં. કે.એચ./એસ.એમ.સી/એ.જે./આઈડીઆર/૧૧૦/૨૦૧૪ તા.૧૭/૦૩/૨૦૧૫ થી આ કામના બીજા પક્ષકારને તેમના પડેલા દિવસોના પગાર સાથે તેમની મુળ જગ્યાએ નોકરીમાં પુન:સ્થાપિત કરવા જોઈએ કે કેમ? તે મુદાના ન્યાય નિર્ણય અર્થે અત્રેની કોર્ટમાં મોકલવામાં આવેલ છે.

(૨) રેફરન્સ કોર્ટ માં આવ્યા બાદ બીજા પક્ષકારે આંક–૬ થી માંગણા નિવેદન રજુ કરી જણાવેલ છે કે તેઓ પ્રથમ પક્ષકાર સંસ્થામાં તા. ૧૦/૦૧/૨૦૧૨ ના રોજથી કાયમી કામદાર તરીકે જોડાયેલા

હતા.તેઓને મૌખિક હુકમથી તા. ૭/૧૧/૨૦૧૪ ના રોજ  એકાએક છુટા કરી દીધેલ છે.તેઓએ ૨ વર્ષ ૧૦ માસ સુધી કાયમી કામદાર તરીકે માસિક રૂા. ૫,૫૩૬/– ના વેતનથી  ડિલેવરી મેન ના હોદ્દા ઉપર ખરા ખંત  અને વફાદારીપુર્વક રોજના ૮–૦૦ કલાક થી વધુ  પ્રથમ પક્ષકાર સંસ્થામાં કામ કરતા હતા. તેઓને પ્રથમ પક્ષકાર સંસ્થા ધ્વારા કામ બાબતે કયારેય  ઠપકો આપવામાં આવેલ નથી. તેઓ સંસ્થામાં નોકરીમાં  જોડાયા ત્યારથી  કોઈપણ જાતના વાંક ગુના સિવાય કોઈપણ જાતની લેખિત  કે મૌખિક  જાણ કર્યા સિવાય છુટા કર્યા ત્યાં સુધી સર્વિસ રેકર્ડ ચોખ્ખો કલીન અને ડાઘ રહિતનો હતો. તેઓને પ્રથમ પક્ષકાર સંસ્થા રોજના ૮–૦૦ કલાક થી વધુ કલાક સતત કામગીરીમાં રોકી રાખતી હતી. સંસ્થા તેઓને મહિનામાં આપવામાં આવતી અઠવાડિક રજા તથા જાહેર  તહેવારની રજા તથા અન્ય કોઈપણ જાતની રજાઓનો લાભ  આપ્યા સિવાય મહિનામાં પુરેપુરા દિવસો સળંગ  અને સતત કામગીરી કરાવતી હતી. તેઓને કોઈપણ  જાતની રજાઓનો લાભ આપવામાં આવતો ન હતો. વધારાના સમયનો કોઈ ઓવર ટાઈમ પગાર પણ તેઓને ચુકવવામાં આવેલ નથી.  તેઓએ તેમની ફરજમાં કોઈપણ જાતના બ્રેક સિવાય પુરેપુરા દિવસો સળંગ સતત ફરજ બજાવી  છે. તેઓને દરેક વર્ષમાં ૨૪૦ દિવસ ઉપરાંતની કામગીરી સંસ્થામાં બજાવેલ છે.

સંસ્થાએ તેઓનુ જાણી જોઈને શોષણ કરી ગરીબી અને મજુરીનો લાભ ઉઠાવી કોરા  પગાર બિલો, કોરા કાગળો ઉપર અગાઉથી સહી કરાવી માસિક રૂા. ૫,૫૩૬/– વેતન  આપતા હતા. આમ તેઓને પ્રથમ પક્ષકાર સંસ્થાએ મૌખિક  હુકમથી તા. ૧૭/૧૧/૨૦૧૪ થી  તેઓને નોકરીમાંથી કાઢી મુકેલ છે. છુટા કરી દીધેલ છે. તેઓને છુટા કરતી વેળાએ કોઈ નોટિસ કે નોટિસ પગાર કે બચાવની કોઈ તક આપ્યા  સિવાય નોકરીમાંથી છુટા કરી દઈ રસ્તે રજળતા રખડતા કરી દીધેલ છે. તેઓને નોકરીમાંથી છુટા કર્યા પછીથી વારંવાર પ્રથમ પક્ષકાર સંસ્થામાં નોકરી માટે જતા હતા અને તે અંગે તેઓએ લેખિતમાં  જાણ  કરેલ હોવા છતાં પ્રથમ પક્ષકારે તેઓને જણાવેલ કે હમણાં માણસોની જરૂર નથી અને જરૂર

પડયેથી તમોને મારી મુળ જગ્યાએ પરત લઈ પુન:સ્થાપિત કરીશુ તેવુ આશ્વાસન આપવામાં આવતુ જેથી તેઓએ ના છુટકે તા. ૧૦/૧૨/૨૦૧૪ ના રોજ મદદનીશ મજુર કમિશ્નર સમક્ષ નોકરીના પડેલા દિવસોના પગાર સાથે મુળ જગ્યાએ પુન:સ્થાપિત થવા માટે ફરિયાદ દાખલ કરેલ હતી. પરંતુ તેમાં પ્રથમ પક્ષકાર સંસ્થા તરફે કોઈ સહકાર ન મળતાં સદરકેસ નામદાર અદાલત સમક્ષ રેફરન્સ કરવાની જરૂરિયાત ઉપસ્થિત થયેલ છે. આઈ.ડી. એકટની કલમ-૨૫(બી) ની જોગવાઈઓ અનુસાર તેઓની સર્વિસનો સમય સળંગ નોકરીની વ્યાખ્યામાં સમાવેશ થાય છે. તેઓએ પ્રથમ પક્ષકાર સંસ્થામાં દરેક વર્ષમાં ૨૪૦ દિવસ ઉપરાંતની કામગીરી પુરી કરેલ હોઈ પ્રથમ પક્ષકાર સંસ્થાએ આઈ.ડી. એકટની કલમ- ૨૫ (એફ) નું પાલન કર્યા સિવાય તેઓની નોકરી સમાપ્ત કરી દેવામાં આવેલ હોઈ નોકરીની સમાપ્તીએ છટણી હોઈ. જેથી પ્રથમ પક્ષકારનું પગલુ રદ કરી નોકરીની મુળ જગ્યાએ પડેલા દિવસોના પગાર સહિત સળંગ નોકરીથી પુન:સ્થાપિત કરવા હુકમ કરવો જોઈએ.

(૩) આ કામે પ્રથમ પક્ષકારે આંક-૭ થી લેખિત જવાબ રજુ કરી બીજા પક્ષકારના માંગણાના નિવેદનની વિગતોની સત્યતાને નકારી જણાવેલ છે કે, બીજા પક્ષકારે તેઓને છુટા કરવાની જે તારીખ દર્શાવેલ છે તે તારીખે પ્રથમ પક્ષકાર સંસ્થાએ તેઓને છુટા કરેલા નથી. પ્રથમ પક્ષકાર સંઘ તે કો. ઓપ. સોસાયટી એકટ અન્વયે નોંધાયેલી મંડળી છે. અને સંસ્થામાં કામ કરતા કામદારો/ કર્મચારીઓની નોકરીના ભરતીના નિયમો તથા બઢતીના નિયમો બનાવેલ છે. જેને કાયદાકીય સ્વરૂપ પ્રાપ્ત થયેલ છે. અને આ કામના બીજા પક્ષકારની ભરતી સદર નિયમો વિરુધ્ધ અને સંસ્થાના સેટઅપ બહારની થયેલ હોય બીજા પક્ષકારની નિમણુંક શરુઆતથી વિવિધ અદાલતો ધ્વારા આપવામાં આવેલ ચુકાદાઓ ધ્યાને લેતાં સેટઅપ બહારની હોઈ તે શરુઆતથી એબઈનીશીયો વોઈડ હોઈ બીજા પક્ષકારનો વિવાદ રદ થવા પાત્ર છે.

બીજા પક્ષકારને પ્રથમ પક્ષકારે કાયદેસરની કાર્યવાહી કરી નોકરીમાંથી છટણી કરેલ છે અને છટણી સમયે તેઓને છટણીનો

હુકમ તથા કાયદેસરના મળવાપાત્ર રકમનો ચેક પણ મોકલી આપેલ છે. જેથી બીજા પક્ષકારનો આ વિવાદ પ્રીમેચ્યોર હોઈ રદ થવાને પાત્ર છે. બીજા પક્ષકારના સદર માંગણાના નિવેદનના પેરા–૧ થી ૩ માં જણાવેલ વિગતો સાચી અને ખરી ન હોય તેઓને કબુલ મંજુર નથી. બીજા પક્ષકારના માંગણાના નિવેદનના પેરા–૩ માં જણાવેલ વિગતો સાચી નથી અને તેઓને તે સ્વીકાર્ય નથી. પ્રથમ પક્ષકાર સંસ્થાની ખરી હકીકત એવી છે કે, ધી સાબરકાંઠા જિલ્લા સહકારી ખરીદ વેચાણ સંઘ, હિંમતનગરએ સહકારી ધોરણે કો.ઓપ. સોસાયટી એકટ અન્વયે નોંધાયેલ એકમ છે. અને તેના મુખ્ય ઉદ્દેશોમાં બની શકે તેટલા ઉંચા ભાવે અને ઓછામાં ઓછા ખર્ચે વ્યકિત તથા મંડળી સભાસદોનો તથા યુનિયનને યોગ્ય લાગે તો બીન સભાસદોનો ખેતીનો તેમજ ઔદ્યોગિક માલ કમિશનથી વેચવો તેમજ તેમને સર્વને જોઈતો ખેતીનો તથા ઘર વપરાશનો સારો માલ ઈન્ડેન્ટ પધ્ધતિથી અગર સ્ટોરો ખોલીને વ્યાજબી બજાર ભાવે પુરો પાડવો તથા સભાસદોને માલ વેચતા સુધી માલની જામીનગીરી ઉપર નાણાં ધીરવા તથા સભાસદોને ઉંચી જાતના પાકના વાવેતર માટે ઉત્તેજન આપવું. અને બની શકે તો મંડળી તથા વ્યકિત સભાસદોને દરેક જાતના સારા બી, ખાતર તથા ખેતીને લાયક ઓજારો પુરા પાડવા. તે જ રીતે પાક રક્ષક દવાઓ પુરી પાડવી તેમજ તે પેદા કરવા પોતે અથવા પાક રક્ષક દવાઓનું લાયસન્સ ધરાવતી સહકારી સંસ્થાના સહયોગમાં ચાલુ કારખાનું ઉભુ કરવુ અને તે સારુ જગ્યાઓ ખરીદવા અને જરૂરી મકાનો બાંધવા, સંઘે સભાસદોનો કપાસ એકઠો કરવો, પીલવા તથા પીલાવી આપવો અને તેની ગાંસડી બાંધવી અગર બંધાવી આપવી અને વેચી આપવાની વ્યવસ્થા કરવી.રાજય સરકારની સહકારી મંડળીઓ ધ્વારા ખેતી વિષયક પેદાશની સીધી ખરીદી યોજના વખતો વખત રાજય સરકાર તેમાં જે સુધારા વધારા કરે તે અનુસાર ખેતીના પાકની સીધી ખરીદીનું કામ કરવું.

સંઘના ઉપરોકત ઉદ્દેશો પાર પાડવા સારું સંસ્થામાં કર્મચારીઓની ભરતી કરવામાં આવે છે અને કર્મચારીઓની ભરતી બાબતે સંઘના નીતિ નિયમો મુજબ યોગ્ય કાર્યવાહી કરી નિમણુંક

પામેલ કર્મચારીઓને રોજમદાર, હંગામી, અજમાયશી અને કાયમી ધોરણે નિમણુંક આપવામાં આવે છે.સંઘમાં નિમણુંક પામેલ કર્મચારીઓના નોકરીના નિયમો બાબતે સંસ્થાએ સ્ટાફ સર્વિસ રૂલ્સ બનાવેલા છે.જે સંસ્થામાં કામ કરતા કર્મચારીઓને લાગુ પડે છે. સંસ્થામાં કર્મચારીઓના સેટઅપ નકકી થયેલા છે. અને તે મુજબ કર્મચારીઓ જે તે હોદ્દા ઉપર ફરજો બજાવે છે. તા. ૧૯/૧૦/૨૦૦૬ ની સ્ટાફ કમીટીની મીટીંગના ઠરાવ નં. ૪ માં સંઘનું સ્ટાફ શીડયુલ મંજુર કરવા બાબત ઠરાવ કરવામાં આવેલ અને તે મુજબ સંઘમાં જરૂરિયાત મુજબના કર્મચારીઓ ફરજો બજાવે છે.સંસ્થાનું કામકાજ સરકારશ્રીના આદેશો અનુસાર ચાલે છે અને સરકારશ્રીના આદેશોનું ઉલ્લંઘન સંસ્થા કરી શકતી નથી. તા. ૩૦/૧/૨૦૦૬ ના પત્ર ક્રમાંક: વહટ/૦૧ /ક.સ.કા./૯૨/૦૬ થી મહે. રજીસ્ટ્રારશ્રી, ગાંધીનગરના આવેલ પ્રસ્તાવના- આદેશ મુજબ સંઘનું નવીન સેટ-અપ નકકી કરવા અને તે અંગે કેડર વાઈઝ લાયકાતના ધોરણે નકકી કરવા અને બઢતી કે સીધી બઢતી ધ્વારા નિમણુંક અંગેના ધોરણો અને નિયમો તા.૩૧/૩/૨૦૦૬ ની મેનેજીંગ કમીટીના મીટીંગના ઠરાવ નં. ૮ થી મંજુર કરવામાં આવેલ. અને તે મુજબ સંસ્થાના કર્મચારીઓનું સ્ટાફ સેટ-અપ નકકી થયેલ છે. તેમાં સુધારો વધારો કરવાનો કોઈ સત્તા સંસ્થાને નથી. આવો કોઈપણ વધારાનો સ્ટાફ સેટ-અપ રાખવામાં આવેલ હોય તો તે સરકારશ્રીના આદેશોનું ઉલ્લંઘન કરતો છે અને આવી કરવામાં આવેલી નિમણુંકો તે પ્રથમ થી જ ગેરકાયદેસર અને ગેરવ્યાજબી છે. નામદાર એપેક્ષ કોર્ટ અને વિવિધ હાઈકોર્ટ ધ્વારા આપવામાં આવેલા ચુકાદા અને પ્રસ્થાપિત થયેલા સિધ્ધાંતો મુજબ સંસ્થાના નકકી કરવામાં આવેલા સ્ટાફ સેટ-અપ કરતાં જો વધારાની નિમણુંક થયેલ હોય તો આવી નિમણુંકો રદ થવાને પાત્ર છે. સને. ૨૦૧૦ થી સંઘના ચેરમેનશ્રી અને મેનેજરશ્રી ધ્વારા ભરતી પ્રક્રિયા હાથ ધર્યા સિવાય ૯૩ જેટલા કર્મચારીઓની રોજમદાર/ હંગામી કર્મચારીઓ તરીકે સીધે સીધી જુદા જુદા હોદ્દા ઉપર જુદી જુદી જગ્યાએ ભરતી કરવામાં આવેલ છે. સદર નિમણુંકો તદ્દન ગેરકાયદેસરની અને સંસ્થાના નિયમો વિરુધ્ધ યોગ્ય પ્રક્રિયા હાથ ધર્યા

સિવાય કરવામાં આવેલ છે. જે પ્રથમ થી જ એબઈનીશીયો વોઈડ છે. સંસ્થાની કામગીરીમાં ઉત્તરો ઉત્તર ઘટાડો થયેલ છે. સંસ્થાના કાયમી કર્મચારીઓ પણ કામનું ભારણ ઓછુ હોવાથી આઈડલ વેજીસ મેળવી રહયા છે.

સંઘમાં સને. ૨૦૧૦ બાદ ગેરકાયદેસર રોજમદાર/હંગામી નિમણુંક પામેલા કર્મચારીઓનું પગાર ચુકવણું કરતાં માસિક રૂા. ૫,૮૪,૦૦૦/-અને વાર્ષિક રૂા. ૭૦,૦૦,૦૦૦/- જેટલો નાણાંકીય બોજો બિનજરુરી પડે છે. સંઘમાં સ્ટાફ સેટ-અપની કુલ ૧૨૭ જગ્યાઓ મંજુર થયેલ છે અને ૧૫૨ જેટલા કર્મચારીઓ ફરજો બજાવે છે. જેમાં નામદાર ગુજરાત હાઈકોર્ટે પસાર કરેલ હુકમો અનુસારના કર્મચારીઓનો પણ આ ૧૫૨ કર્મચારીઓમાં સમાવેશ થાય છે. અરજદારનો સ્ટાફ સેટ-અપ કે જે સરકારશ્રી ધ્વારા મંજુર કરવામાં આવેલ છે તે સેટ-અપ કરતાં વધારે હોય પ્રથમ પક્ષકાર ધ્વારા તેઓની છટણી કરવામાં આવેલ છે. અને આઈ.ડી. એકટની જોગવાઈઓ મુજબ તેઓને નોટિસ તથા છટણી હુકમ જે તે ઓથોરિટીને તથા બીજા પક્ષકારને મોકલી આપવામાં ાવેલ છે. આમ ઉપરોકત હકીકત જોતાં બીજા પક્ષકારે તેઓને છુટા કરવાની જે તારીખ જણાવેલ છે તે તારીખે તેઓને સંસ્થાએ છુટા કરેલ નથી પરંતુ ઉપર જણાવ્યા મુજબ કાયદેસરની કાર્યવાહી કરી તેઓની છટણી કરવામાં આવેલ છે. અને તેઓને તેમના કાયદેસરના હકકો ચુકવી આપવામાં આવેલ હોય જેથી રેફરન્સ રદ કરવો જોઈએ.

(૪) આ કામે બીજા પક્ષકારને આંક-૨ ની નોટિસ બેલીફ મારફતે બજાવતાં તેઓને બજી ગયેલ છે. ત્યારબાદ આંક-૫ થી બીજા પક્ષકાર તરફે વિ. પ્રતિનિધિશ્રી કે.બી.રાવલ એ અધિકારપત્ર રજુ કરેલ છે. બીજા પક્ષકાર જવાબ રજુ થયા બાદ પુરાવો રજુ કરવા માટે હાજર ન રહેતા તેમનો પુરાવો રજુ કરવાનો હકક સુઓમોટો બંધ કરવામાં આવેલો છે.

(૫) આંક-૯ની પુરસીસ થી પ્રથમ પક્ષકારે પોતાના પુરાવા બંધ જાહેર કરેલા છે.

(૬) બીજા પક્ષકાર તરફે તેમના વિ. પ્રતિનિધિશ્રી કે.બી. રાવલની મૌખિક દલીલોનો હકક બંધ કરેલો છે. પ્રથમ પક્ષકાર તરફે વિ.વ.શ્રી ઝવેરીએ મૌખિક દલીલ કરેલી છે.

(૭) દલીલો ઘ્યાને લીધી રેકર્ડ વંચાણે લીધુ મારા નિર્ણય અર્થે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**<u>મુદ્દા::-</u>**

(૧) શું બીજા પક્ષકારને નોકરીની મુળ જગ્યાએ સળંગ નોકરીથી પડેલા દિવસોના પગાર સહિત પુન:સ્થાપિત કરવા હુકમ કરવો જોઈએ?

(૨) શું હુકમ ?

(૮) ઉપરોકત મુદાઓના મારા નિર્ણય નીચે મુજબ છે.

(૧) નકારમાં
(૨) આખરી હુકમ મુજબ

(૯) મારા નિર્ણયના કારણો નીચે મુજબ છે.

(એ) આ કામે બીજા પક્ષકારની રજુઆત એવી છે કે, તેઓ પ્રથમ પક્ષકાર સંસ્થામાં તા. ૧૦/૦૧/૨૦૧૨ ના રોજથી કાયમી કામદાર તરીકે જોડાયેલા હતા.તેઓને મૌખિક હુકમથી તા. ૭/૧૧/૨૦૧૪ ના રોજ એકાએક છુટા કરી દીધેલ છે.તેઓએ ૨ વર્ષ ૧૦ માસ સુધી કાયમી કામદાર તરીકે માસિક રૂા. ૫,૫૩૬/- ના વેતનથી ડિલેવરી મેન ના હોદ્દા ઉપર ખરા ખંત અને વફાદારીપુર્વક રોજના ૮-૦૦ કલાક થી વધુ પ્રથમ પક્ષકાર સંસ્થામાં કામ કરતા હતા. તેઓને પ્રથમ પક્ષકાર સંસ્થા દ્વારા કામ બાબતે કયારેય ઠપકો આપવામાં આવેલ નથી. તેઓ સંસ્થામાં નોકરીમાં જોડાયા ત્યારથી કોઈપણ જાતના વાંક ગુના સિવાય કોઈપણ જાતની લેખિત કે મૌખિક જાણ કર્યા સિવાય છુટા કર્યા ત્યાં સુધી સર્વિસ રેકર્ડ ચોખ્ખો કલીન અને ડાઘ રહિતનો હતો. તેઓને પ્રથમ પક્ષકાર સંસ્થા રોજના ૮-૦૦ કલાક થી વધુ કલાક

સતત કામગીરીમાં રોકી રાખતી હતી. સંસ્થા તેઓને મહિનામાં આપવામાં આવતી અઠવાડિક રજા તથા જાહેર તહેવારની રજા તથા અન્ય કોઈપણ જાતની રજાઓનો લાભ આપ્યા સિવાય મહિનામાં પુરેપુરા દિવસો સળંગ અને સતત કામગીરી કરાવતી હતી. તેઓને કોઈપણ જાતની રજાઓનો લાભ આપવામાં આવતો ન હતો. વધારાના સમયનો કોઈ ઓવર ટાઈમ પગાર પણ તેઓને ચુકવવામાં આવેલ નથી. તેઓએ તેમની ફરજમાં કોઈપણ જાતના બ્રેક સિવાય પુરેપુરા દિવસો સળંગ સતત ફરજ બજાવી છે. તેઓને દરેક વર્ષમાં ૨૪૦ દિવસ ઉપરાંતની કામગીરી સંસ્થામાં બજાવેલ છે.

સંસ્થાએ તેઓનુ જાણી જોઈને શોષણ કરી ગરીબી અને મજુરીનો લાભ ઉઠાવી કોરા પગાર બિલો, કોરા કાગળો ઉપર અગાઉથી સહી કરાવી માસિક રૂા. ૫,૫૩૬/– વેતન આપતા હતા. આમ તેઓને પ્ર થમ પક્ષકાર સંસ્થાએ મૌખિક હુકમથી તા. ૧૭/૧૧/૨૦૧૪ થી તેઓને નોકરીમાંથી કાઢી મુકેલ છે. છુટા કરી દીધેલ છે. તેઓને છુટા કરતી વેળાએ કોઈ નોટિસ કે નોટિસ પગાર કે બચાવની કોઈ તક આ પ્યા સિવાય નોકરીમાંથી છુટા કરી દઈ રસ્તે રજળતા રખડતા કરી દીધેલ છે. તેઓને નોકરીમાંથી છુટા કર્યા પછીથી વારંવાર પ્રથમ પક્ષકાર સંસ્થામાં નોકરી માટે જતા હતા અને તે અંગે તેઓએ લેખિતમાં જાણ કરેલ હોવા છતાં પ્રથમ પક્ષકારે તેઓને જણાવેલ કે હમણાં માણસોની જરૂર નથી અને જરૂર પડયેથી તમોને મારી મુળ જગ્યાએ પરત લઈ પુનઃસ્થાપિત કરીશુ તેવુ આશ્વાસન આપવામાં આવતુ જેથી તેઓએ ના છુટકે તા. ૧૦/૧૨/૨૦૧૪ ના રોજ મદદનીશ મજુર કમિશ્નર સમક્ષ નોકરીના પડેલા દિવસોના પગાર સાથે મુળ જગ્યાએ પુનઃસ્થાપિત થવા માટે ફરિયાદ દાખલ કરેલ હતી. પરંતુ તેમાં પ્રથમ પક્ષકાર સંસ્થા તરફે કોઈ સહકાર ન મળતાં સદરકેસ નામદાર અદાલત સમક્ષ રેફરન્સ કરવાની જરૂરિયાત ઉપસ્થિત થયેલ છે. આઈ.ડી. એકટની કલમ–૨૫(બી) ની જોગવાઈઓ અનુસાર તેઓની સર્વિસનો સમય સળંગ નોકરીની વ્યાખ્યામાં સમાવેશ થાય છે. તેઓએ પ્રથમ પક્ષકાર સંસ્થામાં દરેક વર્ષમાં ૨૪૦ દિવસ ઉપરાંતની કામગીરી પુરી કરેલ હોઈ પ્રથમ પક્ષકાર સંસ્થાએ આઈ.ડી. એકટની

કલમ– ૨૫ (એફ) નું પાલન કર્યા સિવાય તેઓની નોકરી સમાપ્ત કરી દેવામાં આવેલ હોઈ નોકરીની સમાપ્તીએ છટણી હોઈ. જેથી પ્રથમ પક્ષકારનું પગલુ રદ કરી નોકરીની મુળ જગ્યાએ પડેલા દિવસોના પગાર સહિત સળંગ નોકરીથી પુન:સ્થાપિત થવા હુકમ કરવો જોઈએ.

પ્રથમ પક્ષકારનો બચાવ એવો છે કે, બીજા પક્ષકારે તેઓને છુટા કરવાની જે તારીખ દર્શાવેલ છે તે તારીખે પ્રથમ પક્ષકાર સંસ્થાએ તેઓને છુટા કરેલા નથી. પ્રથમ પક્ષકાર સંઘ તે કો. ઓપ. સોસાયટી એકટ અન્વયે નોંધાયેલી મંડળી છે. અને સંસ્થામાં કામ કરતા કામદારો/ કર્મચારીઓની નોકરીના ભરતીના નિયમો તથા બઢતીના નિયમો બનાવેલ છે. જેને કાયદાકીય સ્વરૂપ પ્રાપ્ત થયેલ છે. અને આ કામના બીજા પક્ષકારની ભરતી સદર નિયમો વિરુધ્ધ અને સંસ્થાના સેટઅપ બહારની થયેલ હોય બીજા પક્ષકારની નિમણુંક શરુઆતથી વિવિધ અદાલતો ધ્વારા આપવામાં આવેલ ચુકાદાઓ ધ્યાને લેતાં સેટઅપ બહારની હોઈ તે શરુઆતથી એબઈનીશીયો વોઈડ હોઈ બીજા પક્ષકારનો વિવાદ રદ થવા પાત્ર છે.

બીજા પક્ષકારને પ્રથમ પક્ષકારે કાયદેસરની કાર્યવાહી કરી નોકરીમાંથી છટણી કરેલ છે અને છટણી સમયે તેઓને છટણીનો હુકમ તથા કાયદેસરના મળવાપાત્ર રકમનો ચેક પણ મોકલી આપેલ છે. જેથી બીજા પક્ષકારનો આ વિવાદ પ્રીમેચ્યોર હોઈ રદ થવાને પાત્ર છે. બીજા પક્ષકારના સદર માંગણાના નિવેદનના પેરા–૧ થી ૩ માં જણાવેલ વિગતો સાચી અને ખરી ન હોય તેઓને કબુલ મંજુર નથી. બીજા પક્ષકારના માંગણાના નિવેદનના પેરા–૩ માં જણાવેલ વિગતો સાચી નથી અને તેઓને તે સ્વીકાર્ય નથી. પ્રથમ પક્ષકાર સંસ્થાની ખરી હકીકત એવી છે કે, ધી સાબરકાંઠા જિલ્લા સહકારી ખરીદ વેચાણ સંઘ, હિંમતનગરએ સહકારી ધોરણે કો.ઓપ. સોસાયટી એકટ અન્વયે નોંધાયેલ એકમ છે. અને તેના મુખ્ય ઉદ્દેશોમાં બની શકે તેટલા ઉંચા ભાવે અને ઓછામાં ઓછા ખર્ચે વ્યકિત તથા મંડળી સભાસદોનો તથા યુનિયનને યોગ્ય લાગે તો બીન સભાસદોનો ખેતીનો તેમજ ઔદ્યોગિક માલ કમિશનથી વેચવો તેમજ તેમને

સર્વને જોઈતો ખેતીનો તથા ઘર વપરાશનો સારો માલ ઈન્ડેન્ટ પધ્ધતિથી અગર સ્ટોરો ખોલીને વ્યાજબી બજાર ભાવે પુરો પાડવો તથા સભાસદોને માલ વેચતા સુધી માલની જામીનગીરી ઉપર નાણાં ધીરવા તથા સભાસદોને ઉંચી જાતના પાકના વાવેતર માટે ઉત્તેજન આપવું. અને બની શકે તો મંડળી તથા વ્યકિત સભાસદોને દરેક જાતના સારા બી, ખાતર તથા ખેતીને લાયક ઓજારો પુરા પાડવા. તે જ રીતે પાક રક્ષક દવાઓ પુરી પાડવી તેમજ તે પેદા કરવા પોતે અથવા પાક રક્ષક દવાઓનું લાયસન્સ ધરાવતી સહકારી સંસ્થાના સહયોગમાં ચાલુ કારખાનું ઉભુ કરવુ અને તે સારુ જગ્યાઓ ખરીદવા અને જરૂરી મકાનો બાંધવા, સંઘે સભાસદોનો કપાસ એકઠો કરવો, પીલવા તથા પીલાવી આપવો અને તેની ગાંસડી બાંધવી અગર બંધાવી આપવી અને વેચી આપવાની વ્યવસ્થા કરવી.રાજય સરકારની સહકારી મંડળીઓ દ્વારા ખેતી વિષયક પેદાશની સીધી ખરીદી યોજના વખતો વખત રાજય સરકાર તેમાં જે સુધારા વધારા કરે તે અનુસાર ખેતીના પાકની સીધી ખરીદીનું કામ કરવું.

સંઘના ઉપરોકત ઉદ્દેશો પાર પાડવા સારું સંસ્થામાં કર્મચારીઓની ભરતી કરવામાં આવે છે અને કર્મચારીઓની ભરતી બાબતે સંઘના નીતિ નિયમો મુજબ યોગ્ય કાર્યવાહી કરી નિમણુંક પામેલ કર્મચારીઓને રોજમદાર, હંગામી, અજમાયશી અને કાયમી ધોરણે નિમણુંક આપવામાં આવે છે.સંઘમાં નિમણુંક પામેલ કર્મચારીઓના નોકરીના નિયમો બાબતે સંસ્થાએ સ્ટાફ સર્વિસ રૂલ્સ બનાવેલા છે.જે સંસ્થામાં કામ કરતા કર્મચારીઓને લાગુ પડે છે. સંસ્થામાં કર્મચારીઓના સેટઅપ નકકી થયેલા છે. અને તે મુજબ કર્મચારીઓ જે તે હોદ્દા ઉપર ફરજો બજાવે છે. તા. ૧૯/૧૦/૨૦૦૬ ની સ્ટાફ કમીટીની મીટીંગના ઠરાવ નં. ૪ માં સંઘનું સ્ટાફ શીડયુલ મંજુર કરવા બાબત ઠરાવ કરવામાં આવેલ અને તે મુજબ સંઘમાં જરૂરિયાત મુજબના કર્મચારીઓ ફરજો બજાવે છે.સંસ્થાનું કામકાજ સરકારશ્રીના આદેશો અનુસાર ચાલે છે અને સરકારશ્રીના આદેશોનું ઉલ્લંઘન સંસ્થા કરી શકતી નથી. તા. ૩૦/૧/૨૦૦૬ ના પત્ર ક્રમાંક: વહટ/૦૧ /ક.સ.કા./૯૨/૦૬ થી મહે. રજીસ્ટ્રારશ્રી, ગાંધીનગરના આવેલ

પ્રસ્તાવના– આદેશ મુજબ સંઘનું નવીન સેટ–અપ નકકી કરવા અને તે અંગે કેડર વાઈઝ લાયકાતના ધોરણે નકકી કરવા અને બઢતી કે સીધી બઢતી ધ્વારા નિમણુંક અંગેના ધોરણો અને નિયમો તા. ૩૧ /૩/૨૦૦૬ ની મેનેજીંગ કમીટીના મીટીંગના ઠરાવ નં. ૮ થી મંજુર કરવામાં આવેલ. અને તે મુજબ સંસ્થાના કર્મચારીઓનું સ્ટાફ સેટ–અપ નકકી થયેલ છે. તેમાં સુધારો વધારો કરવાનો કોઈ સત્તા સંસ્થાને નથી. આવો કોઈપણ વધારાનો સ્ટાફ સેટ–અપ રાખવામાં આવેલ હોય તો તે સરકારશ્રીના આદેશોનું ઉલ્લંઘન કરતો છે અને આવી કરવામાં આવેલી નિમણુંકો તે પ્રથમ થી જ ગેરકાયદેસર અને ગેરવ્યાજબી છે. નામદાર એપેક્ષ કોર્ટ અને વિવિધ હાઈકોર્ટ ધ્વારા આપવામાં આવેલા ચુકાદા અને પ્રસ્થાપિત થયેલા સિધ્ધાંતો મુજબ સંસ્થાના નકકી કરવામાં આવેલા સ્ટાફ સેટ–અપ કરતાં જો વધારાની નિમણુંક થયેલ હોય તો આવી નિમણુંકો રદ થવાને પાત્ર છે. સને. ૨૦૧૦ થી સંઘના ચેરમેનશ્રી અને મેનેજરશ્રી ધ્વારા ભરતી પ્રક્રિયા હાથ ધર્યા સિવાય ૯૩ જેટલા કર્મચારીઓની રોજમદાર/ હંગામી કર્મચારીઓ તરીકે સીધે સીધી જુદા જુદા હોદ્દા ઉપર જુદી જુદી જગ્યાએ ભરતી કરવામાં આવેલ છે. સદર નિમણુંકો તદ્દન ગેરકાયદેસરની અને સંસ્થાના નિયમો વિરુધ્ધ યોગ્ય પ્રક્રિયા હાથ ધર્યા સિવાય કરવામાં આવેલ છે. જે પ્રથમ થી જ એબઈનીશીયો વોઈડ છે. સંસ્થાની કામગીરીમાં ઉત્તરો ઉત્તર ઘટાડો થયેલ છે. સંસ્થાના કાયમી કર્મચારીઓ પણ કામનું ભારણ ઓછુ હોવાથી આઈડલ વેજીસ મેળવી રહયા છે.

સંઘમાં સને. ૨૦૧૦ બાદ ગેરકાયદેસર રોજમદાર/હંગામી નિમણુંક પામેલા કર્મચારીઓનું પગાર ચુકવણું કરતાં માસિક રૂ.૫,૮૪,૦૦૦/–અને વાર્ષિક રૂ. ૭૦,૦૦,૦૦૦/– જેટલો નાણાંકીય બોજો બિનજરુરી પડે છે. સંઘમાં સ્ટાફ સેટ–અપની કુલ ૧ ૨૭ જગ્યાઓ મંજુર થયેલ છે અને ૧૫૨ જેટલા કર્મચારીઓ ફરજો બજાવે છે. જેમાં નામદાર ગુજરાત હાઈકોર્ટે પસાર કરેલ હુકમો અનુસારના કર્મચારીઓનો પણ આ ૧૫૨ કર્મચારીઓમાં સમાવેશ થાય છે. અરજદારનો સ્ટાફ સેટ–અપ કે જે સરકારશ્રી ધ્વારા મંજુર કરવામાં

આવેલ છે તે સેટ–અપ કરતાં વધારે હોય પ્રથમ પક્ષકાર દ્વારા તેઓની છટણી કરવામાં આવેલ છે. અને આઈ.ડી. એકટની જોગવાઈઓ મુજબ તેઓને નોટિસ તથા છટણી હુકમ જે તે ઓથોરિટીને તથા બીજા પક્ષકારને મોકલી આપવામાં ાવેલ છે. આમ ઉપરોકત હકીકત જોતાં બીજા પક્ષકારે તેઓને છુટા કરવાની જે તારીખ જણાવેલ છે તે તારીખે તેઓને સંસ્થાએ છુટા કરેલ નથી પરંતુ ઉપર જણાવ્યા મુજબ કાયદેસરની કાર્યવાહી કરી તેઓની છટણી કરવામાં આવેલ છે. અને તેઓને તેમના કાયદેસરના હકકો ચુકવી આપવામાં આવેલ હોય જેથી રેફરન્સ રદ કરવો જોઈએ.

(બી) પક્ષકારોની ઉપરોકત રજુઆત ઘ્યાને રાખી રેકર્ડ જોતાં બીજા પક્ષકારના જણાવ્યા મુજબ તેઓને તા. ૦૭/૧૧/૨૦૧૪ના રોજ મૌખિક હુકમથી છુટા કરવામાં આવેલા હતા.બીજા પક્ષકારે માંગણાના નિવેદનમાં છુટા કર્યાની તા. ૧૭/૧૧/૨૦૧૪ દર્શાવેલ છે. જયારે પ્રથમ પક્ષકારના જવાબ મુજબ બીજા પક્ષકારને કાયદેસરની કાર્યવાહી કરી તેમના હકક હિસ્સા આપીને કાયદેસર રીતે છટણી કરવામાં આવેલ છે. આમ, રેકર્ડ જોતાં બીજા પક્ષકારે તેમને છુટા કર્યાની તારીખ મદદનીશ શ્રમ આયુકતમાં જણાવેલ છે તેનાથી તદૃન અલગ તારીખ બીજા પક્ષકારે તેઓના માંગણા નિવેદનમાં જણાવેલ છે. સદર વિવાદ તા. ૦૭/૧૧/૨૦૧૪ ના રોજ મૌખિક હુકમથી છુટા કરવાની બાબતે કરવામાં આવેલી ફરિયાદના આઘારે ઉપસ્થિત થયેલો છે. જેથી બીજા પક્ષકારને તા. ૦૭/૧૧/૨૦૧૪ ના રોજ ગેરકાયદેસર અને ગેરવ્યાજબી રીતે છુટા કરવામાં આવેલા છે કે કેમ? તે બાબત પ્ર થમ નકકી કરી બીજા પક્ષકારને નોકરીની મુળ જગ્યાએ સળંગ નોકરીથી પુન:સ્થાપિત કરવા જોઈએ કે કેમ ? તેનો ન્યાય નિર્ણય કરવાનો રહે છે.

બીજા પક્ષકારે આ કામે માંગણા નિવેદન રજુ કર્યા બાદ પ્રથમ પક્ષકારનો જવાબ રજુ થયા પછી લાંબા સમય સુધી હાજર રહી કોઈ પુરાવો રજુ કરેલ નથી અને તેઓના માંગણા નિવેદનની વિગતોને સમર્થન આપતો કોઈ જ દસ્તાવેજી કે મૌખિક પુરાવાઓ રજુ કરેલ

નથી. જેથી બીજા પક્ષકારે તેઓને તા. ૦૭/૧૧/૨૦૧૪ ના રોજ પ્રથમ પક્ષકારે મૌખિક હુકમથી ગેરકાયદેસર છટણી કરી છુટા કરેલ હતા તેવું આ કામે પુરવાર કરી શકેલા ન હોઈ અને તેમના માંગણા નિવેદનમાં પણ તેઓએ છુટા કર્યાની તારીખ અલગ જણાવેલ હોઈ તા. ૦૭/૧૧/૨૦૧૪ ના રોજ બીજા પક્ષકારને ગેરકાયદેસર છટણી કર્યાનું આ કામે પુરવાર થતુ ન હોઈ બીજા પક્ષકાર માંગ્યા મુજબની કોઈ દાદ પ્રથમ પક્ષકાર વિરુધ્ધ મેળવવા હકકદાર થતા નથી અને બીજા પક્ષકારની છટણી ગેરકાયદેસર ઠરતી ન હોઈ મુદા નંબર: ૧ નો જવાબ નકારમાં આપવામાં આવે છે.

(૧૦) જેથી કેસનું રેકર્ડ તથા કાયદાની પરિસ્થિતિ લક્ષમાં લઈ ન્યાયના હીતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–:: હુકમ ::–**

(૧) આથી બીજા પક્ષકારનો રેફરન્સ રદ કરવામાં આવે છે.

(૨) ખર્ચ અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

**તારીખ : ૧૧/૦૧/૨૦૧૮** **(દિપકકુમાર જયંતીલાલ ચૌહાણ)**
**હિંમતનગર** **જીજે૦૦૭૮૦**
**P.T.Prajapati** **પ્રમુખ અધિકારી,**
**મજુર અદાલત, હિંમતનગર**